# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૦૫ કેસ

## કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૦૪૮ પર પહોંચ્યો : એક્ટીવ સંખ્યા ૧૫૯૪૮, હાલ ૯૪ લોકો વેન્ટીલેટર ઉપર

ગાંધીનગર,તા.૨
રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૪૫૨૩ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૦૫ પોઝિટિવ કેસ નોંધાતા છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૯૯ હજારને પાર થઈ ૯૯૦૫૦ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૧૨ મોત થયા છે. કુલ મૃત્યુઆંક ૩૦૪૮ નોંધાયો છે. રાજ્યમાં ૧૧૪૧ દર્દી આજે સાજા થયા છે. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંક ૮૦ હજારને પાર થઈ ૮૦૦૫૪ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૫૯૪૮ એક્ટિવ કેસ છે. જેમાં ૯૪ વેન્ટીલેટર પર અને ૧૫૮૫૪ સ્ટેબલ છે. અનલોક-૪માં આજે બીજા દિવસે સતત કોરોનાનો આંકડો ૧૩૦૦ને પાર થયો અને કુલ સંક્રમિતનો આંકડો એક લાખની નજીક પહોંચી ગયો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં કોવિડ-૧૯ના લીધે સુરત જિલ્લામાં ૪ અને શહેરમાં ૨, અમદાવાદ શહેરમાં ૩, ગાંધીનગર શહેર અને જિલ્લામાં અને વડોદરા શહેરમાં ૧ મોત સાથે કુલ ૧૨ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૯ અને જિલ્લા ૨૦ સાથે ૧૬૯ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો અમદાવાદ શહેરમાં ૩૧૮૪૭ નોંધાયો છે. આ સાથે ૩ મોત અમદાવાદમાં નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૭૨૩ છે. સુરત શહેરમાં ૧૭૬ અને જિલ્લામાં ૮૯ સાથે કુલ ૨૬૫ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૧ હજારને પાર થઈ ૨૧૧૨૨ થયો છે. આજે વધુ ૩ મોત સુરતમાં નોંધાતા કુલ મૃત્યુઆંક ૬૪૩ થયો છે. વડોદરા શહેરમાં ૮૯ અને જિલ્લામાં ૩૬ સાથે ૧૨૫ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૮૪૪૩ થયો છે. આજે ૧ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૩૪ થયો છે. રાજકોટ શહેરમાં ૮૯ અને જિલ્લામાં ૫૪ સાથે કુલ કેસ ૧૪૩ નોંધાયા છે. આ સાથે રાજકોટમાં કુલ સંક્રમિતનો આંકડો ૫ હજારને પાર થઈ ૫૦૭૦ થયો છે. ભાવનગર શહેરમાં ૨૭ અને જિલ્લામાં ૨૧ સાથે ૪૮ કેસ નોંધાતા કુલ આંકડો ૨૯૨૨ થયો છે.




### કોરોના અંગે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં સાઠંબાની પ્રાચી જોશી પ્રથમ ક્રમે

કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે લોકડાઉનમાં સમગ્ર જનજીવન પ્રભાવીત થયું છે. અરવલ્લી જિલ્લામાં લોક વિજ્ઞાન કેન્દ્ર અરવલ્લી દ્વારા લોકડાઉન દરમિયાન યોજાયેલા કોરોના નિબંધ સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાંથી અનેક સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં સાઠંબા ગામની પ્રાચી કૌશિકભાઈ જોશીએ પ્રથમ ક્રમ મેળવી સમગ્ર જિલ્લામાં ગામનું નામ રોશન કર્યુ હતુ. લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા સર્ટિફિકેટ આપી પ્રાચી જોશીને સન્માનીત કરવામાં આવી હતી લોકોએ શુભેચ્છા પાઠવી હતી.

## લાખણી તાલુકાના પેપળું ગામે નવું મિલ્ક કલેક્શન સેન્ટર શરૂ

બનાસ ડેરી સાથે સંયોજિત જિલ્લાની કેટલીક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સંચાલકો અને મંત્રીઓ પોતાના અંગત સ્વાર્થ ખાતર મંડળીને આર્થિક નુકસાન પહોંચાડીને પશુપાલકોના આર્થિક હિતોનું નુકસાન કરી રહ્યાની વિગતો બનાસડેરીના ધ્યાને આવે તો આવી મંડળીઓના સંચાલકો સામે બનાસ ડેરી પોતાના વિજિલન્સ વિભાગ મારફત તપાસ કરાવીને ગેરરીતિઓ જણાય તો આવી મંડળી સામે કડક કાર્યવાહી થતી હોય છે.

લાખણી તાલુકાની પેપળું દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રીએ ૨૪ લાખ રૂપિયા જેટલી રકમ અંગત કામમાં વાપરીને દૂધ ઉત્પાદકોને મોટું નુકસાન કર્યાનું સામે આવતા અને રૂપિયા ૫ લાખ જેટલું સભાસદ બોનસ ફંડ તેના સભાસદોને સમયસર નહીં ચૂકવતા દૂધ ઉત્પાદકોને તેમની કાળી મજૂરીના પૈસાનું વળતર મળવા પામ્યું નથી. સાથે-સાથે મંડળીમાં હલકુ દૂધ સ્વીકારીને સંઘને પણ મોટું નુકસાન કર્યાનું સામે આવ્યું છે. દૈનિક ૧૧ લિટર જેટલું દૂધનું સ્થાનિક વેચાણ કરીને તેનાં નાણાં મંડળીમાં નહિ જમા કરાવવા બદલ નોટિસ આપવામાં આવી છે.

એટલું જ નહિ મંડળીમાં કમિટી સભ્ય તરીકે રહેવાની લાયકાત ન ધરાવતા ઈસમોને પણ કમિટી સભ્યો બનાવીને મંડળીના વહીવટમાં મનસ્વીપણે ગેરરીતિઓ આચરીને મંડળી તેમજ સંઘને નુકશાન પહોચાડવા બદલ નોટીસ ફટકારવામાં આવી છે.



અત્રે ઉલ્લેખનીય છે કે પેપળુ દૂધ મંડળીમાં ચાલતી ગેરરીતિઓ સંદર્ભે મંડળીના સભાસદોએ જ બનાસ ડેરીને આ અંગે તપાસ કરવા અરજી કરતા બનાસ ડેરીના વિજિલન્સ વિભાગ દ્વારા તપાસ હાથ ધરતા ગેરરીતિઓ જણાઈ આવતાં મંડળીને બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી અને દૂધ ઉત્પાદકો અને સભાસદોને કોઈ અગવડ ન પડે તે માટે તાત્કાલિક અસરથી સધી કૃપા (પેપળુ) મિલ્ક કલેક્શન સેન્ટર શરૂ કરીને સભાસદોનું દૂધ લેવાનું શરૂ કરવામાં આવ્યું છે.

## પહેલીવાર અંબાજીનો ચાચર ચોક ભક્તો વગર સુનો પડ્યો

### પૂનમના દિવસે ભારે ભીડ જોવા મળે છે : ભાદરવી પૂનમના મેળાને રદ કરીને કોરોનાની મુક્તિ માટે અંબાજીમાં ૭ દિવસનો સહસ્ત્ર ચંડી યજ્ઞ યોજાયો

અંબાજી,તા.૨
આજે ભાદરવી પૂનમ છે. દરવર્ષે અંબાજી ખાતે મા અંબાના દર્શન માટે લાખોની સંખ્યામાં પદયાત્રીઓ અને ભક્તોની ભીડ જામી હોય. આખો ચાંચર ચોક બોલ મારી અંબે જય જય અંબેના નાદથી ગૂંજી ઉઠતો હોય છે. પરંતુ કોરોના વાયરસ મહામારીને કારણે ઈતિહાસમાં પહેલીવાર મંદિર ભક્તો વગર સુનું પડ્યું છે. આજે ભાદરવી પૂનમની સવારની આરતીમાં પણ ભક્તોએ ઘરે બેઠા ઓનલાઈન દર્શન કરીને માતાના આશીર્વાદ મેળવ્યા હતા. તો બીજી બાજુ ભાદરવી પૂનમના મેળાને રદ કરીને કોરોના મહાસંકટથી મુક્તિ માટે અંબાજી મંદિરમાં સાત દિવસનો સહસ્ત્રી ચંડી યજ્ઞ ચાલી રહ્યો છે.

ઈતિહાસમાં પહેલીવાર શક્તિપીઠ અંબાજી ધામમાં માઈ ભક્તો વગર ભાદરવી પૂનમની સંપૂર્ણ સાદગીથી ઉજવણી થઈ રહી છે. દર વર્ષે ભાદરવી પૂનમના મેળામાં જગત જનની મા અંબાનાં દર્શન કરવા અંબાજીમાં આશરે ૨૫ લાખ ભક્તો માના દરબારમાં પહોંચતા હોય છે. કોરોના મહામારીમાં આ વખતે ભાદરવી પૂનમનો મેળો ભરાયો નથી અને ભક્તોને મા અંબાનાં દર્શન કરવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થઈ શક્યું નથી. પરંતુ તમારે નિરાશ થવાની જરૂર નથી ન્યૂઝ૧૮ ગુજરાતીનાં માધ્યમથી તમે ઘરે બેઠા જ આદ્યશક્તિનાં દર્શન કરી શકો છો.

માઈભક્તો માટે મંદિર ટ્રસ્ટ દ્વારા ઓનલાઈન દર્શન કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓની સગવડતા માટે યાત્રાળુઓને ઘરે બેઠાં ઓનલાઈન માતાજીના દર્શન-ગબ્બર દર્શન, યજ્ઞા દર્શન કરાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. જો તમારે પણ ઘરે બેઠા માતાજીના દર્શન કરવા હોય



તો તમે યુટ્યુબ, ટ્વિટર અને ફેસબુકનાં માધ્યમથી દર્શન કરી શકો છો.

અંબાજીથી બે કી.મી. દૂર એકાવન શક્તિપીઠોમાં મહત્વનું સ્થાન ધરાવતા શક્તિપીઠ ગબ્બર આવેલો છે. જ્યાં માતાજીના હૃદયનો ભાગ પડ્યો હોવાને લઈ આ પર્વતનો આકાર પણ હૃદય જેવો દેખાતો હોવાનું મનાઈ રહ્યું છે. જેની ઉપર વિશ્વભરમાં પથરાયેલા શક્તિપીઠો જેવા જ શક્તિપીઠોનું પણ નિર્માણ કરાયું હતું. તેની વિધિવત પૂજા થઈ રહી છે. વિશ્વભરમાં વસતા શ્રદ્ધાળુઓ સોશિયલ મીડિયાના માધ્યમથી માં અંબાના અને એકાવન શક્તિપીઠોના પણ દર્શન કરી અભિભૂત થઈ રહ્યા છે. પાંચ દિવસમાં કુલ ૨૭.૩૦ લાખ ભક્તોએ ઘર બેઠા માતાજીના દર્શન કર્યા હતા.

## ૫ સપ્ટે. "શિક્ષક દિન"ને બનાવો "શિક્ષક ભરતી દિન"

### ટેટ ગ્રાન્ટેડ અને ટાટ વિદ્યાસહાયકોની ભરતી પાંચમી સુધી જાહેર કરો : ટેટ-ટાટ પાસ ઉમેદવારોની માંગ

બાયડ, તા. ૨
ગુજરાત રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને પ્રાથમિક શાળાઓમાં છેલ્લા ૩/૪ વર્ષોથી ૨૦,૦૦૦થી વધુ શિક્ષકોની ઘટ છે. ૭૦ થી ૮૦ હજાર ઉમેદવારો શિક્ષક બનવાની લાયકાત પણ ધરાવે છે. છતાં બેરોજગાર છે. આ શાળાઓમાં ૪ થી ૫ લાખ એવા ગરીબ વિદ્યાર્થીઓ પણ છે. ખૂબ ભણીને પોતાનું ભવિષ્ય સફળતાના શિખરો સુધી પહોંચાડવા માંગે છે. પરંતુ તેમની શાળાઓમાં શિક્ષકો નથી. પરિણામે તેમનો અભ્યાસ બગડે છે. ઉમેદવારો લાયક હોવા છતાં વર્ષોથી હજારો રજૂઆત છતાં તેમની ભરતી થતી નથી. તો આ બધાનું જવાબદાર કોણ ?

ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રીએ જાન્યુઆરી-૨૦૧૮માં શિક્ષક ભરતીની જાહેરાત કરી હોવા છતાં હજુ સુધી શિક્ષક ભરતી થઈ નથી. છેલ્લે ઓક્ટોબર -૨૦૧૯માં પ્રેસનોટ કરી જાહેરાત કરી. સરકારી ભરતી શરૂ પણ થઈ પરંતુ GRનાં કારણે અટકાવી દિધી પણ હવે નામદાર હાઈકોર્ટે દ્વારા એનું પણ નિરાકરણ આવી ગયું છે. ઉપરાંત જો આ મહામારીમાં બધું જ અનલોક થઈ શકે તો ભરતી પણ થઈ જ શકે. આમ પણ આપણું ગુજરાત " ડિજિટલ ગુજરાત" છે તો ભરતી પૂર્ણ કરવા ડિજિટલ પ્લેટફોર્મ થી પણ થઈ શકે છે.

ટેટ-ટાટના ઉમેદવારો વર્ષોથી રજૂઆત કરે છે. લાખો ટ્વીટ કર્યાં. હજારો ઈ મેઈલ કર્યાં. સેંકડો આવેદન આપ્યાં. ફેસબુક દ્વારા રજૂઆત. ટેટ અને ટાટ પોર્ટલ દ્વારા પણ રજૂઆત. ૩૫ દિવસથી ઉપવાસ પણ શરૂ ટપાલ અભિયાન કર્યુ તેમ છતાં ટેટ-ટાટ ઉમેદવારોની વ્યથા અને વેદના ઉપર સરકાર ધ્યાન નથી આપતી.

ગુજરાતના ટેટ-ટાટ ઉમેદવારો કે જેઓ પાસે ૧૦/૧૨ વર્ષોનો શિક્ષણનો અનુભવ છે, તમામ ડિગ્રીઓ છે, હાલમાં મેરીટ ક્રમ માં પણ સમાવેશ શક્ય છે પણ જો હવે સત્વરે ભરતી શરૂ નહીં થાય તો તે લોકોની તક છિનવાઈ જશે અને જીવનમાં પછી ક્યારેય તક નહીં મળી શકે. તો એના જવાબદાર કોણ ? ઘણા ઉમેદવારોની વય મર્યાદા પણ પૂર્ણ થવા આવી છે, કેટલાંય ના સગાઈ - લગ્ન પણ અટકી ગયા છે. કેટલાય માનસિક તણાવથી પણ પસાર થઈ રહ્યા છે. મેરીટ ક્રમમાં આવતા હોવાથી ખાનગી શાળાઓમાં પણ તક નથી આપતા. પરિણામે છેલ્લા એક વર્ષથી સંપૂર્ણ બેરોજગાર બેઠા છે. એમના ઘર પરિવાર ના ગુજરાન કેમ પુરું થતું હશે. એ પણ સરકાર વિચારણા કરતી નથી. TET વાળા ઉમેદવારોની માર્કશીટ ની વેલીડિટી પૂર્ણ થવા આવી.

## અરવલ્લીના આદિવાસી અંતરિયાળ વિસ્તારોમાં આજે પણ ડીઝીટલ યુગમાં આઝાદી પહેલા નું જીવન જીવી રહ્યા છે

મોડાસા,
આદિવાસીઓ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો કરોડો રૂપિયા ની ગ્રાન્ટ વિકાસના નામે દરવર્ષે અલગ અલગ ગ્રાંટ ફાળવણી કરે છે ક્યારેક સ્પેશિયલ પેકેજ વનબંધુ કલ્યાણકારી યોજના ના નામે આપે છે પણ વપરાય છે ક્યાં એ સમજાતું નથી ત્યારે વાત છે મેઘરજ તાલુકા અંતરિયાળ નવાગામ - કસાણા ગામ ની આ ગામ માં ૭૦૦ થી ૮૦૦ ઘર ની વસ્તી છે સ્થાનિક રહીશો ખાસ ખેતી અને પશુપાલન ના વ્યવસાય પર જીવન ગુજારો કરે છે બિલકુલ જંગલ અને ડુંગરાળ પ્રદેશ માં છુટા છવાયા મકાનો માં લોકો રહી રહ્યા છે આ વિસ્તાર માં ક્યારે કોઈ રાજકીય નેતા કે અધિકારીઓ ફરકયા નથી આ ગામ માં ખાસ પાયા ની સુવિધા આરોગ્ય -શિક્ષણ -પાણી અને જેને કહેવાય એ પાકો રસ્તો નથી ચોમાસા માં તો બહુ જ મુશ્કેલી વેઠવી પડે છે મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે ખેતી માં કાઈ ઉપજ મળતી નથી અને પશુપાલન માં દૂધ પર જીવન ગુજારો કરવો પડે છે પણ મુખ્ય સમસ્યા એ છે કે દૂધ ભરવા પણ ત્રણ કિલોમીટર દૂર ડેરી માં જવું પડે અને એ પણ જાણે વૈતરણી પાર કરતા હોઈએ એમ પાણી માં પડી ને ત્યારે કેટલીક મહિલાઓ એ મીડિયા સમક્ષ પોતાની આપવીતી જણાવી હતી નવાગામ કસાણા ની મહિલાઓ પાસે થી એક મહત્વ ની વાત જાણવા મળી કે જ્યારે આ વિસ્તાર માં સારી સુવિધા છે એમ માની પોતાના મા બાપે અહીં છોકરીઓ ને પરણાવી પરંતુ સ્થાનિક મહિલાઓ જણાવી રહ્યા છે કે અમારા સાસુ સસરા પણ સુવિધા જંખતા જંખતા ગયા અને અમે પણ જઈશું હાલ અમારા છોકરાઓ જાણે કુવારા રહી જશે એવું લાગે છે માટે પાકા રસ્તા બને એવી માંગ છે ગતિશીલ ગુજરાત ના વરવા દ્રશ્યો જોવા મળ્યા મુખ્ય બાબત એ છે કે પાકા રસ્તા ના હોવાથી બીમારી સમયે ભારે મુશ્કેલી વેઠવા નો વારો આવે છે રસ્તો ના હોવાથી ૧૦૮ કે બીજા કોઈ પ્રાઈવેટ વાહન આવી શકતા નથી બીમાર દર્દીઓ ને સાડી ને લાકડા સાથે બાંધી જોલી બનાવી ને ચાલતા ત્રણ કિલોમીટર જંગલ માં ઊંચકી ને લઈ જવા પડે છે ઘણી વખત મુખ્ય મુકામ પર પહોંચતા અને સારવાર મળે એ પહેલાં જ લેટ થવાથી દર્દી મૃત્યુ પામે છે.

### સરકાર કહે છે... ● છેલ્લા પાનાનું ચાલુ

મળ્યા છે. બોરીસણામાં આજે ૫૫ વર્ષીય પુરૂષ અને ધમાણસા ગામેથી એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૪૦૩ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૫૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૭,૨૩૮ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

### ખાસ કારોબારી... ● છેલ્લા પાનાનું ચાલુ

માણસા તાલુકામાં સમાવેશ કરવા બાબતે પણ દરખાસ્તને બહાલી આપવામાં આવશે.

આ ઉપરાંત કલોલ તાલુકાના મુબારકપુરા ગામને ગાંધીનગર તાલુકામાં કર્મચારીઓ સાથે સમાવેશ કરવા બાબતે તેમજ કલોલ તાલુકાના લીંબોદ્રા ગામને માણસા તાલુકામાં કર્મચારીઓ સાથે સમાવવા બાબતે પણ દરખાસ્ત રજુ કરાશે અને તે ચર્ચા-વિચારણાને અંતે મંજૂર કરી જરૂરી કાર્યવાહી માટે રાજ્ય સરકારને મોકલવામાં આવશે.

ગાંધીનગર શહેરની હદ વધારાના નિર્ણય પછી ચૂંટાયેલા તાલુકા પંચાયતના સભ્યો અંગે સરકાર નિર્ણય નથી લઈ શકી પણ કોંગ્રેસ તેની સામે આંગળી ના ચિંધાય તે માટે આરોગ્ય સેવાઓ અંગેની દરખાસ્તને બહાલી આપશે.

આમેય ગાંધીનગર શહેરની આસપાસ વિકાસ પામી રહેલ સેમી અર્બન વિલેજીસમાં આરોગ્ય સેવાઓ કથળી હતી અને આ વિલેજીસમાં સેવાઓના સઘનીકરણની વાતને ટાળી તંત્ર આ સેવાઓ તાકીદે મનપાને સુપ્રત કરવા માટે ઉતાવળીયુ બનેલ છે તેવી તીવ્ર ચર્ચાઓ પંચાયતી વર્તુળોમાં ચાલી રહી છે.

### ગાબડાનગર... ● છેલ્લા પાનાનું ચાલુ

માર્ગો ઉબડ ખાબડ બન્યા છે જેના લીધે સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. સેકટરોમાં એકબાજુ સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના લીધે ઠેર ઠેર માર્ગો આસપાસ માટી પોલાણ થવાના લીધે પણ સેકટરવાસીઓ માટે જોખમી સ્થિતિ ઉભી થઈ છે. આવા સંજોગોમાં કેટલાક ઠેકાણે માર્ગ વચાળે પણ ભુવા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે રાત્રિના સમયે વરસાદી દિવસોમાં સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતા માર્ગ પરના ગાબડા સ્થાનિકો માટે વધુ જોખમી બન્યા છે. શહેરના નવા અને જુના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે પણ સ્થાનિકોમાં માંગ ઉઠવા પામી છે. જયારે જુના સેકટરોમાં માર્ગ સુધારણાના મામલે તંત્ર સમક્ષ દરખાસ્ત પણ રજુ કરવામાં આવી છે. ત્યારે ઉબડ ખાબડ માર્ગો વરસાદી દિવસોમાં વધુ કંગાળ જોવા મળી રહ્યા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગોની સરફેસ પણ અત્યંત ખરબચડી બની છે. જયારે માર્ગોનુ ધોવાણ થતા ડામરની કાંકરીઓ પણ વાહનચલાકો માટે પરેશાનીનુ કારણ બની છે. સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામ બાદ માર્ગો પર ધુળ પથરાઈ જતા વરસાદ દરમિયાન ડામર માર્ગો પર કાદવ કિચ્ચડ જોવા મળે છે. જેના લીધે માર્ગોની દશા વધુ ખરાબ થઈ છે. વરસાદી દિવસોમાં કોરોનાના કહેર સાથે નગરમાં માર્ગ સલામતીના મામલે પણ નાગરિકોએ વધુ સાવધ થવાની અનિવાર્યતા છે. વરસાદમાં ધોવાણ થયેલા માર્ગો પર કેટલાક ઠેકાણે મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે ગાંધીનગર કોંગ્રેસ દ્વારા પણ અવાર નવાર રજુઆત કરવા છતા પણ માર્ગો પરના ગાબડા પુરવામાં ન આવતા આજે ખાડામાં જ વૃક્ષારોપણ કરવાનો નવતર કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો હતો. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં માર્ગોની દશા સુધારવા માટે ત્વરિત ગાબડા પુરવાની સાથે સફાઈનુ કામ પણ હાથ ધરાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

### શહેરમાં કોરોના... ● છેલ્લા પાનાનું ચાલુ

એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૨ માંથી એક નિવૃત્ત ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ નિવૃત્ત કર્મયોગીને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૨માં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

સે. ૭ માં રહેતી અને ફોરેન્સીક લેબ.માં નોકરી કરતી એક ૪૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કર્મયોગીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ઝાયડસ ફાર્મા કંપનીમાં નોકરી કરતા અને સે. ૭ માં રહેતા ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પી.આઈ.યુ. સે. ૧૨માં ફરજ બજાવતા એક ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૭ માંથી આજે એક જ દિવસમાં મળેલા ૩ કેસને પગલે તંત્ર ચોંકી ઉઠ્યુ છે અને સર્વેલન્સ સઘન કરવા માટેની સૂચનાઓ જારી કરી છે.

સે. ૪ માંથી આજે એક નિવૃત્ત ૬૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માંથી એક ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

આઈસીટી ઓફિસર તરીકે કામ કરતા અને સે. ૧૯ માં રહેતા ૨૭ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે.

શહેરમાં કેસોની સંખ્યા વધતાં હોમ આઈસોલેશનમાં સારવાર દર્દીઓ વધુ પસંદ કરી રહ્યા છે. શહેરમાં ૭૦ જેટલા દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં કેસોની સંખ્યા વધતાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યામાં પણ વધારો થયો છે. હાલ ૧૨ હજારથી વધુ લોકોને કન્ટેનમેન્ટ ઝોન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૨૨૦ જેટલી થવા જાય છે.

### હાઈ એલર્ટ... ● છેલ્લા પાનાનું ચાલુ

લિબરેશન આર્મીના સૈનિકોએ એ વિસ્તારમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો, જ્યાં પૂર્વ લદાખમાં ચાલી રહેલા તણાવ દરમિયાન યથાસ્થિતિ રાખવાની વાત કહેવામાં આવી હતી. ચીની સૈનિકોએ સમજૂતીનું ઉલ્લંઘન કરતાં હથિયારોની સાથે આ વિસ્તારમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો. ભારતીય સેનાએ જણાવ્યું કે, ભારતીય સૈનિકોએ પેંગોગ ત્સો લેકના દક્ષિણ કિનારા પર ્નછની ગતિવિધિને રોકતાં તેમને પરત ધકેલી દીધા.

તેઓએ જણાવ્યું કે ભારતીય સૈનિકોએ ચીનના ઈરાદાને પહેલાથી જ સમજી ગઈ હતી અને આ જ કારણ છે કે ભારતીય સૈનિકોએ સમય ગુમાવ્યા વગર ચીનની સેનાના બદઈરાદાઓને ધ્વસ્ત કરી દીધા. ભારતીય સેનાના પીઆરઓ કર્નલ અમન આનંદે જણાવ્યું કે, ભારતીય સેના વાતચીતના માધ્યમથી સરહદ પર શાંતિ સ્થાપિત કરવા માંગે છે પરંતુ પોતાની ક્ષેત્રીય અખંડતાની રક્ષા માટે પણ સમાન રૂપથી દઢ સંકલ્પ છે. બંને દેશોની વચ્ચે હવે સરહદ સાથે જોડાયેલા મુદ્દાના ઉકેલ માટે બ્રિગેડ કમાન્ડર સ્તરની ફ્લેગ મીટિંગ ચાલી રહી છે. આ દરમિયાના ચીની સેના તરફથી કરવામાં આવેલા આવા પ્રયાસ યોગ્ય નથી.

### લિપુલેખ... ● છેલ્લા પાનાનું ચાલુ

સેનાના સૈનિકો તૈનાત છે. ભારતે લિપુલેખમાં ૧૭ હજાર ફૂટ ઉપર રસ્તો બનાવ્યો છે. આ રસ્તાના કન્ટ્રક્શન સમયે નેપાળે કોઈ જ આપત્તિ દર્શાવી ન હતી, પરંતુ બાદમાં ભારત અને નેપાળ વચ્ચે આ મુદ્દાને લઈને નિવેદનબાજી વચ્ચે તણાવ શરુ થયો હતો.

નેપાળે લિપુલેખ પર ફક્ત પોતાનો દાવો જ નથી કર્યો પણ એક નવો નકશો પણ જાહેર કરી દીધો છે. નકશામાં લિપુલેખને પણ સામેલ કર્યું છે. ભારતે આ બાબતે નેપાળ સામે વિરોધ વ્યક્ત કર્યો છે. ભારત અને ચીન વચ્ચે લદાખમાં ચાલી રહેલા તણાવ વચ્ચે નેપાળ પણ કંઈક વધુ જ સક્રિય થવાના પ્રયત્ન કરી રહ્યું છે.

### પ્રશ્નકાળ નહીં હોય... ● છેલ્લા પાનાનું ચાલુ

પંદર દિવસ પહેલાં પોતાનો સવાલ સબમિટ કરવાનો હોય છે. સત્રની શરૂઆત ૧૪ સપ્ટેંબરે થઈ રહી છે. કોરોનાને આગળ કરીને પ્રશ્ન કાળ શા માટે રદ કરાઈ રહ્યો છે. ૧૯૫૦ પછી પહેલીવાર સાંસદો સરકારની કામગીરી અંગે સવાલ પૂછવાનો અધિકાર ગુમાવી રહ્યા હતા. લોકશાહીમાં આવું શી રીતે ચાલી શકે.

પ્રશ્નકાળ ન રાખવા અંગે વિપક્ષના સાંસદ નારાજ, શશિ થરુરે કહ્યું- લોકતંત્ર અને વિરોધના અવાજને દબાવવા માટે સરકાર મહામારીનું બહાનું બનાવી રહી છે

૧૪ સપ્ટેમ્બરથી શરૂ થનારા સંસદના ચોમાસા સત્રમાં કોરોનાના કારણે પ્રશ્નકાળ નહીં થાય. રાજ્યસભા સચિવાયલે બુધવારે જ આ નોટિફિકેશન જાહેર કર્યું હતું. સરકારના આ નિર્ણયનો વિપક્ષના સાંસદ વિરોધ કરી રહ્યા છે. કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે ટ્વિટ કરીને કહ્યું છે કે, મે ચાર મહિના પહેલા જ કહ્યું હતું કે લોકતંત્ર અને વિરોધના સુર દબાવવા માટે મહામારીનું બહાનું બનાવાશે. મોડેથી શરૂ થઈ રહેલા સત્ર માટે એકદમ શાંતિથી કહી દીધું કે, પ્રશ્નકાળ નહીં યોજાય. અમને સુરક્ષિત રાખવાના નામે આને જસ્ટિફાઈ કેવી રીતે કરી શકાય?